ગાંધીનગર સમાચાર

તા. ૧૯-૬-૨૦૧૫, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

### સીબીઆઈની વિશ્વનીયતા સામે પ્રશ્નાર્થ

ભારતીય જનતા પાર્ટીએ મનમોહન સરકારના શાસનકાળમાં કેન્દ્રી અન્વેષણ એજન્સી સીબીઆઈ માટે 'સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશન'ને બદલે 'કોંગ્રેસ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશન' જેવું કટાક્ષયુક્ત નામાભિધાન પ્રયોજેલું. કેન્દ્રમાં મોદી સરકારની એક વર્ષની ફળશ્રુતિ એ છે કે હવે 'સીબીઆઈ' સીધેસીધી 'બીબીઆઈ' 'ભાજપ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશન'માં ફેરવાઈ ગઈ છે. ગુજરાતના વરિષ્ઠ રાજપુરુષ શંકરસિંહ વાઘેલા સામે સીબીઆઈની સઘન તપાસ કે મહારાષ્ટ્રના વરિષ્ઠ નેતા છગન ભુજબળ સામે ચાલી રહેલ કાર્યવાહી જોતાં એમ જ લાગે કે આ અન્વેષણ સંસ્થાનો વર્તમાન મોદી સરકાર વિરોધીઓને સીધા કરવા અને એમનો હિસાબ ચૂકતે કરવા માટે પદ્ધતિસર ઉપયોગ કરી રહી છે. આ દેશમાં ભાગ્યે જ કોઈ અપવાદરુપ નેતા હશે જેણે એના સત્તાકાળમાં સાધી કે આડકતરી રીતે ભ્રષ્ટાચાર નહીં આચર્યો હોય. લૂગડાંમાં સૌ નાગાં જ હોય છે. ભ્રષ્ટાચાર એ રાજકારણ જેવા કટ્ટર હરિફાઈના ક્ષેત્રમાં નેતાગીરીનું વજૂક ટકાવવા માટેની અનિવાર્ય શરત બની ગયેલ છે. કોઈને ગમે કે ન ગમે પણ આપણી લોકશાહીની આ વરવી વાસ્તવિકતા છે. ભ્રષ્ટાચારની ગંગોત્રી દિલ્હીમાં બેઠેલી છે. ત્યાંથી એ આખા દેશમાં ફંટાય છે અને રેલાય છે. વિડંબના પણ કેવી કે જે લોકો ભ્રષ્ટાચાર સામે બૂંગિયો ફૂંકીને સત્તાનાં સિંહાસનો કબજે કરે છે એ પોતે પણ આગળવાળાઓને સારા કહેવડાવે એવડો મોટો ભ્રષ્ટાચાર આદરે છે. સર્વે ગુણાઃ કાંચનમ્ આશ્રયન્તિ. નાણાં વગર સત્તા મેળવી શકાતી નથી. માઓ-ત્સે-તુંગ કહે છે એમ એ તોપના નાળચામાંથી ફૂટી નીકળેલી હોય તોય તોપ ખરીદવા તો નાણાંની જ જરુર પડે. કોંગ્રેસે આઝાદીની ચળવળ લોકોના પૈસા ચલાવી હતી. એમ જ કોંગ્રેસ સત્તા પર આવી ત્યારે એને ચૂંટણી લડવા કાં તો સમૃદ્ધ રાજા-મહારાજઓ જેવા ઉમેદવારો મૂકવા પડતા અથવા માલેતુજાર ધનકુબેરો પાસેથી ફંડ ઉઘરાવવું પડતું. કાળક્રમે એ જ પદ્ધતિ કોંગ્રેસના વિકલ્પ તરીકે ઊપસેલાં રાજકીય પરિબળો દ્વારા અપનાવાતી રહી છે. નેતાઓને પોતાના વક્કર માટે અને પાર્ટી ચલાવવા માટે નાણાંની જરુર પડતી રહી છે અને પડતી રહેવાની છે. સામાન્ય નાગરિક ચૂંટણી લડવાનું સપનું પણ જોઈ શકતો નથી. સામાન્યમાંથી અસામાન્ય બનવા માટે તમારું આર્થિક પાસું મજબૂત હોય તે અનિવાર્ય છે. રાજકારણીઓ ફુલટાઈમ 'લોકસેવા' કરતા હોઈ એમને ખરાખોટા માર્ગે નાણાં ભેગાં કરવાં પડે છે. કોઈ કોઈ ચૂપચાપ પોતાનાં ખિસ્સાં ભરે છે તો કોઈ 'પ્રામાણિક' હોવાનો દાવો કરી પાર્ટી ફંડના નામે અઢળક નાણાં ઉઘરાવતા ફરે છે. સીબીઆઈ કરી કરીને કેટલાંની તપાસ કરશે? વળી સીબીઆઈ એ સીધેસીધી વડાપ્રધાન હસ્તકની એજન્સી છે. એટલે સ્વાભાવિક રીતે જ એનો એક શસ્ત્ર તરીકે ઉપયોગ થતો રહે છે. યુપીએ સરકારનો ડાઘિયો દોડાવાયો હતો! મુલાયમ, માયાવતી, લાલુ યાદવ અને જયલલિતા ઉપરાંત કેન્દ્ર સરકારના કૌભાંડી મંત્રીઓ સામે સીબીઆઈ કયારેક ધીમી ગતિએ તો કયારેક ત્વરિત તપાસ કરતી રહી છે. અનુકૂળતા મુજબ એ જ નેતાઓને 'કલીનચીટ' પણ અપાઈ હતી! પ્રજાને સીબીઆઈની વિશ્વસનીયતામાં ભરોસો નથી રહ્યો. અદાલતો પણ સીબીઆઈના પદાધિકારીઓને લબડધક્કે લેતી રહી છે. વિપક્ષો સીબીઆઈને ભાંડતા રહે છે અને એ જ જયારે સત્તાસ્થાને આવે છે ત્યારે એનો બ્રહ્માસ્ત્ર તરીકે ઉપયોગ કરતા રહે છે. વર્ષો સુધી સીબીઆઈની લટકતી તલવાર માથે ઝઝૂમતી રહે છે છતાં રીઢા રાજકારણીઓના પેટનું પાણી સુદ્ધાં હાલતું નથી. કેન્દ્ર સરકાર સામે લલિત મોદી જેવા કૌભાંડીને મદદરુપ થવાનું તહોમત આવતાં મીડીયા અને પ્રજાનું ધ્યાન હટાવવા સીબીઆઈને કામે લગાડી લીધી હોવાના આક્ષેલો સાવ પાયાવિહોણા નથી. શંકરસિંહ વાઘેલાએ ૨૦૦૯માં કૌભાંડ કર્યું હતું તો એને ૨૦૧૫ સુધી છાવર્યું કોણે? ૨૦૧૪ની ચૂંટણી પછી તરત જ સીબીઆઈ સક્રિય કેમ ન થઈ? સ્ટાફ ઓછો પડતો હતો કે શું? છગન ભુજબળ કરતાં મોટો ભ્રષ્ટાચાર કોંગ્રેસ-એનસીપીની સરકારમાં નાયબ મુખ્યમંત્રી રહેતા શરદ પવારના ભત્રીજા અજિત પવારના નામે બોલે છે. ભુજબળ એકલાની સામે પગલાં લેવાય તે કેવું? કોઈ રાજકારણી દૂધે ધોયેલા નથી હોતો, તે સીબીઆઈ નથી જાણતી શું? સીબીઆઈનો દુરુપયોગ રોકવા ન્યાયતંત્ર પ્રજા પાસે કોઈ જ જવાબ ન હોય - તે કેવી વિડંબના છે!

# જી.ઈ.બી. કોલોની પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ ઉજવાયો





ગાંધીનગર, તા.૧૮

જી.ઈ.બી કોલોનીમાં આવેલી સરકારી પ્રાથમિક શાળામાં આજરોજ ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર શ્રીમતી હંસાબેન મોદીના હસ્તે ધોરણ ૧ અને આંગણવાડીના ભુલકાઓને શૈક્ષણિક કિટૂસ અને રમકડાની કિટૂસ આપીને પ્રવેશવિધી સંપન્ન કરાવવામાં આવી હતી.

આ પ્રસંગે મેયર શ્રી હંસાબેન મોદીએ જણાવ્યું હતું કે, સમાજમાં કુરિવાજો, અંઘશ્રઘ્ધા જેવી એનક બાબતો દૂર કરવા અને આમૂલ પરિવર્તન લાવવા માટે શિક્ષણની ભૂમિકા ખૂબ જ મહત્વની છે. તેમણે દીકરીઓના શિક્ષણ પર ભાર મુકીને ઉપસ્થિત તમામ વાલીઓને દીકરા દીકરી એક સમાન સમજી બન્ને ને સમાન શિક્ષણ આપવા માટે પણ અનુરોધ કર્યો હતો. રાજય સરકાર દ્વારા અમલી બનાવવામાં આવેલ વિવિધ શિક્ષણ સંલગ્ન યોજનાઓની વિસ્તૃત વાત કરી હતી.

આ પ્રસંગે જી.ઈ.બી કોલોની પ્રાથમિક શાળામાં ધોરણ ૩ થી ૭માં પ્રથમ ક્રમ મેળવનાર વિધાર્થીઓનું અને દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધોરણ૧માં ૩૨ અને આંગણવાડીમાં ૮ ભુલકાઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં જી.ઈ.બીના ચીફ ઈજનેર શ્રી આઈ. એમ. પટેલ, નાયબ મ્યુનિસિપલ કમિશનર શ્રી બારીયા, જી.ઈ.બીના કાર્યપાલક ઈજનેર શ્રી સી. જી. પ્રજાપતિ, નાયબ કાર્યપાલક ઈજનેર શ્રી એન. સી. પ્રજાપતિ સહિત વાલીઓ મોટી સંખ્યામાં ઉપસથિત રહ્યાં હતાં.

## આર.જી. અને એસ.બી. પટેલ શાળામાં વાલી મિટીંગ યોજાઈ

ગાંધીનગર, તા. ૧૮

સર્વવિદ્યાલય કેળવણી મંડળ કડી ગાંધીનગર શાખા સંચાલિત શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ.બી. પટેલ કન્યા ઉ. મા. શાળા, સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે ઉ.મા. વિભાગ સામાન્ય પ્રવાહના વાલીશ્રીઓને શાળાના નીતિ-નિયમો, સંસ્થા પરિચય, પરિણામો અને સહઅભ્યાસ પ્રવૃત્તિઓથી માહિતગાર કરવાના હેતુસર આજે ગુરૂવારે સવારે ૮.૦૦ થી ૧૦.૪૫ કલાક દરમિયાન કેમ્પસ સ્થિત ખિમજી વિસરામ હોલમાં વાલી મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૨૪૫ જેટલા વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શાળાના પ્રાર્થના વૃંદ દ્વારા સરસ્વતી વંદનાથી કરવામાં આવી હતી. ત્યાર બાદ ધો. ૯-ડીની કુ. ઝરણાં ભાવસારે આમંત્રિત મહેમાનો અને વાલીઓ સમક્ષ સ્વાગત નૃત્ય રજુ કર્યું હતું. ધોરણ-૧૨-ડીની વિદ્યાર્થીનીઓએ કાર્યક્રમના મધ્યભાગમાં ફ્યુઝન ગરબો રજુ કરી ઉપસ્થિત સર્વેના દિલ જીતી લીધા હતા. માર્ચ-૨૦૧૫માં લેવાયેલ ધોરણ:૧૨ સામાન્ય પ્રવાહની બોર્ડની પરીક્ષામાં ગાંધીનગર જિલ્લા અને કેન્દ્રમાં ૯૨.૨૮ ટકા એ-૧ ગ્રેડ અને ૯૯.૯૮ પર્સન્ટાઈલ રેન્ક મેળવનાર કોમર્સની કુ. જ્હાન્વી ઝાલાને તથા આર્ટસમાં ૮૫.૧૪ ટકા એ-૨ ગ્રેડ અને ૯૯.૫૫ પર્સન્ટાઈલ રેન્ક મેળવનાર આર્ટસની કુ. ક્રિષ્ના શાહને શાળાના આચાર્યા શ્રીમતી સુધાબેન પી. પટેલ અને ઉ. મા. વિભાગના સુપરવાઈઝર શ્રીમતી દિલહરબા ચુડાસમાના વરદહસ્તે મોમેન્ટો અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. કુ. જહાન્વી અને કુ. ક્રિષ્નાએ પણ શાળાની કામગીરીને બિરદાવી શિક્ષકશ્રીઓના કાર્યની પ્રસંશા કરી હતી. આ ઉપરાંત શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થીની કુરેશી ગુલીસ્તાએ પણ પોતાના વિકાસમાં શાળાનું યોગદાન વિશે પોતાના મંતવ્યો આપ્યા હતા. વર્ષ-૨૦૧૫-૧૬માં વાલીશ્રી તરીકે ઉપસ્થિત રહેલ બળદેવભાઈ ચૌધરીએ પણ આજના પ્રસંગને બિરદાવ્યો હતો. આ કાર્યક્રમમાં શાળાના માધ્યમિક વિભાગના સુપરવાઈઝર ગીતેષભાઈ પટેલ તથા વિજ્ઞાન પ્રવાહના સુપરવાઈઝર શ્રીમતી ગીતાબેન પટેલે ઉપસ્થિત રહી કાર્યક્રમમાં સહભાગી બન્યા હતા.

### નારદીપુર વિદ્યાપીઠમાં વિશ્વ યોગ દિવસ મનાવાશે

ગાંધીનગર, તા. ૧૮

નારદીપુરમાં આવેલ મહિલા ગ્રામ વિદ્યાપીઠ ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. ૨૧ જૂનના રોજ વિદ્યાપીઠ ખાતે પતંજલિ યોગ સમિતિના યોગગુરૂ વર્ષાબેન દવે યોગાસનો કરાવશે. વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં ભાગીદાર થવા સંસ્થાના પ્રિન્સિપાલ જશોદાબેને જણાવ્યું છે.

### શ્રીમાળી સોની સમાજ રૂપાલ ખાતે નવચંડી યજ્ઞ યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

શહેરમાં વસતા કડી વિજાપુર પરગણા શ્રીમાળી સોની સમાજ દ્વારા નવચંડી યજ્ઞ યોજવામાં આવશે. આગામી ૨૧ જૂનના રોજ ગાંધીનગર જિલ્લાના રૂપાલમાં આવેલ વરદાયીની માતાના મંદિરે નવચંડી યજ્ઞ યોજાશે. ધાર્મિક કાર્યક્રમમાં સમાજના અગ્રણીઓ યુવક-યુવતિઓને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવ્યું છે.

### હોમ સાયન્સ વિષયમાં પ્રવેશ પ્રક્રિયા આરંભાઈ

ગાંધીનગર, તા. ૧૮

સેક્ટર-૭ પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં ધોરણ-૧૨ પછીના હોમ સાયન્સમાં પ્રવેશ પ્રક્રિયા ચાલુ થઈ ગઈ છે. હોમ સાયન્સ વિષયમાં બી.એ. કરવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ કોલેજનો સંપર્ક કરવો.

### સર્વ શિક્ષા અભિયાન હેઠળ ડ્રોપ આઉટ બાળકો માટે ભોજનની ડીશોનું દાન

ગાંધીનગર, તા. ૧૮

સર્વ શિક્ષા અભિયાન દ્વારા ડ્રોપઆઉટ બાળકોને સરકારી પ્રાથમિક શાળા સેકટર-૨ ના સંદર્ભમાં, ધોળાકુવા, રક્ષાશક્તિ સર્કલ પાસે ફૂટપાથ પર વસતા શ્રમજીવી બાળકોને પ્રોત્સાહિત કરવા માટે શ્રી પ્રેમચંદભાઈ સુનારા ગાંધીનગર તરફથી મધ્યાહન ભોજનમાં જમવા માટે સ્ટીલની ૨૪ ડીશો ભેટ આપેલ છે.

## હરિની દ્રષ્ટિ...



harin bhatt

બાબાજી યોગ દિવસ ઉજવાય છે તેમાં જાવ... પેટનો ઘેરાવો ઓછી કરી દેશે, એ લોકો...!!

## ફેકલ્ટી ઓફ એજ્યુકેશનની બી.એડ્. કોલેજોમાં આવકારોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૧૮

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશનની એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન અને આર.એચ. પટેલ ઈંગ્લિશ મીડિયમ બી.એડ્. કોલેજ અને સેક્ટર-૨૩, ગાંધીનગમરાં પ્રવેશ મેળવનાર તાલીમાર્થીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

પ્રવેશ પામેલા ઉત્સાહિત તાલીમાર્થીઓને કંકુ-તીલક કરી ગુલાબના પુષ્પો આપી મોઢું મીઠું કરાવી મંગલમય પ્રાર્થનાથી કાર્યક્રમનો આરંભ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ દીપ પ્રાગટ્યવિધિ સંપન્ન થયા બાદ કાર્યક્રમના આરંભે ડૉ. જિજ્ઞાસાબેન જોશીએ અને ડૉ. કુસુમબેન યાદવે સંસ્થાની ઉજ્જવળ પરંપરાઓ, કોલેજના સ્માર્ટવર્ક અને ઉદ્દેશો વિશેની માહિતી આપી હતી. કાર્યક્રમના અંતે પ્રા. ભરતભાઈ પટેલે સંસ્થા પરિવાર વતી ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. કાર્યક્રમ ડીન. પ્રો. વિણાબેનના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.

## મેવાને માર્કશીટ મોકલવા બાબત

ગાંધીનગર, તા. ૧૮

મુસ્લિમ એજ્યુકેશન એન્ડ વેલ્ફેર એસોસીએશન દ્વારા માર્ચ-૨૦૧૫માં લેવાયેલ પરીક્ષામાં સફળ થયેલ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવશે. ગાંધીનગરના તેમજ ગુડા વિસ્તારમાં સમાવેશ ગામોનો મુસ્લીમ સમાજના વિદ્યાર્થીઓએ ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)માં ૬૦ ટકા કે તેથી વધુ, સામાન્ય પ્રવાહમાં ૬૫ ટકા કે તેથી વધુ અને ૧૦ની પરીક્ષામાં બોર્ડે લીધેલ પરીક્ષાના મુખ્ય ૫ વિષયોમાંથી ૭૫ ટકા કે તેથી વધુ માર્ક મેળવનાર તથા ઉચ્ચ અભ્યાસક્રમમાં તમામ ફેકલ્ટીના ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ (ડીગ્રી અને માસ્ટર ડીગ્રી)માં સફળ થયેલ વિદ્યાર્થીઓએ પ્રમાણિત કરેલી માર્કશીટ પાછળ પુરૂ સરનામુ સંપર્ક નંબર લખી પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ સાથે તા. ૨૫મી જુલાઈ સુધીમાં શ્રી એમ.એ. સાબુવાલા પ્લોટ નં. ૭૬૧/૧, સેક્ટ-૭-બી લગ્નવાડી નજીક પહોંચાડવી તેમ પ્રમુખશ્રી આઈ.એન. સૈયદે જણાવેલ છે.

## એન.એસ.યુ.આઈ. ગરીબ વિદ્યાર્થીઓને ચોપડા વિતરણ કરશે

ગાંધીનગર, તા.૧૮

એન.એસ.યુ.આઈ. આજે અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીના જન્મ દિવસ નિમિત્તે ગરીબ વિદ્યાર્થીઓ તેમ ધોરણ-૧૦ અને ૧૨ના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવશે. તેજસ્વી વિદ્યાર્થીઓને એન.એસ.યુ.આઈ. તરફથી ટ્રોફી, પ્રમાણપત્ર તેમજ ચોપડાનું વિતરણ કરવામાં આવશે.

રાષ્ટ્રીય મહામંત્રી શાહનવાઝ શેખે વધુમાં જણાવ્યું છે કે સવારે ૭.૩૦ કલાકે રિપબ્લિક હાઈસ્કુલ, વીજળી ઘર, રીલીફ રોડ, ૮.૩૦ કલાકે અંજુમન હાઈસ્કુલ ખમાસા ખાતે, ૯.૩૦ કલાકે સેંટ ઝેવિયર્સ હાઈસ્કુલ-મિરઝાપુર ખાતે, ૧૦.૩૦ કલાકે વિશ્વ ભારતી હાઈસ્કુલ-શાહપુર મિલ કમ્પાઉન્ડ ખાતે, ૧૧.૩૦ કલાકે એફ.ડી. ગર્લ્સ હાઈસ્કુલ, જમાલપુર ખાતે તેમજ શહેરની વિવિધ સ્કુલોમાં વિના મુલ્યે ચોપડા વિતરણનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

# 'મજલીસે સુફી'ની મોજ...

## એરી સખી મંગલ ગાવો રી... ધરતી અંબર સજાઓ રી...

**મૌલા મેરે લે લે મેરી જાન... 'કલાગુર્જરી'ના સુફી સંગીતના લોકપ્રિય રચનાની યાદગાર મહેફિલમાં અમિત ઠક્કર, દીપ્તી દેસાઇ, મિહીર જાની અને તબલા ઉસ્તાદ રિશીન સરૈયાએ અદ્ભૂત રજૂઆત અને માતબર સંગીત સાથે શ્રોતાઓના મન પર સુફી ગીત-સંગીતનો લાંબા સમય સુધી અસર કરે તેવો કેફ ચઢાવ્યો**




સુફી સંગીત એ કોઈ ધર્મ કે જાત પર આધારીત નથી, જે કોઈ વ્યક્તિ પોતાની જાતને અંદરથી અને બહારથી ઓળખી શકે એ સુફી... મોટા ભાગે સુફી સંગીતમાં હાર્મોનિયમ અને પર્કેશનની મદદથી રસતલ્લીન થવાં વગાડાતું સંગીત અને એમાં શબ્દનું મિશ્રણ થઈ ધાર્મિક આસ્થા જન્માવે એ સુફી... સુફી સંગીત પ્રથમ એરેબીક અને પછી પર્શિયનમાં, તર્કિસ્થાન થઈ વિવિધ ધર્મ અને સંસ્કૃતિનો ભાગ બની ગયું. સુફીની રિધમમાં બેન્ડીર અને ડરબુકા વાદ્યનો ઉપયોગ થાય છે... અધ્યાત્મને આત્મસાત કરવા રચાતાં આ સુફીના જાણીતા કવિઓમાં રુમી, હાફીઝ, બુલ્લેહ શાદ, આમીર ખુશરો અને ખ્વાજા ગુલામ ફરીદના નામ તરત મોંઢે આવે છે...

ગુલામ અલી, એ.આર. રહેમાન, કેલાશ ખેર, નુસરત ફતેઅલી ખાન, વડાલી બ્રધર્મસ, રાહત ફતેઅલી ખાન, આબીદા પરવીન, રબ્બી શેરગીલ, માસ્ટર સલીમ... આ બધાં સુફી સંગીતના માનવતા ગાયકો છે... પિયા હાજી અલી, કુન ફાયા કુન, ખ્વાજા મેરે ખ્વાજા, સૈયા, તું જાને ના જેવા નવી ફિલ્મના સુફી ગીતોનો યુવાનોમાં અજબ-ગજબનો ક્રેઝ જોવા મળે છે... ગાંધીનગરની 'કલાગુર્જરી' સાંસ્કૃતિક સંસ્થા અવનવા કાર્યકર્મો લાવવા માટે સતત પ્રયત્નશીલ હોય છે, અને એના બાગરુપે આ વખતે સુફી સંગીતના લોકપ્રિય રચનાઓની મહેફિલ સજાવી દીધી...

આપણા અમદાવાદના એ.આર. રહેમાન એટલે કે અશ્વિન ઠક્કરની જાદુઈ આંગળી કિબોર્ડ પર પડી અને ધમાકેદાર મ્યુઝિકલ ઑરકેસ્ટ્રા સાથે સુફીની મહેફિલ શરુ થઈ... 'દિલ્હી-૬' ફિલ્મનું જાવેદ અલી-કૈલાશ ખેરનું ગાયેલું એ.આર. રહેમાન સંગીતનું ક્વ્વાલી બેઝ ગીત 'મૌલા મૌલા મેરે મૌલા, ડરોરે ડરાયે માથે મે મૌલા, મરમ્મત મુકદર કી કર દે મૌલા'ની રજૂઆત સાથે સુફીનો સમા બાંધી દીધો... ૨૦૦૦ની સાલમાં આવેલી 'ફિઝા'નું એ.આર. રહેમાન - કાદર - મુરતાઝ, ગુલામ મુસ્તફાની ધાર્મિક રચના 'પિયા હાઝ અલી, પિયા હાઝ અલી, તુ સમંદર કે ધની બાબા હાજી અલી' ઈશ્વરને સાક્ષાત પધારવાનું મન થાય એવી પ્રસ્તુતિ રહી...

નરસિંહ મહેતાને કુંવરબાઈના લગ્ન વખતે મેહતીએ મેણું માર્યું કે તમારાં કૃષ્ણને કંકોત્રી લખો, મહેતાજીએ બહુ સહજ જવાબ, મારાં કૃષ્ણને સાદ દઉંને આવી જાય, એને વળી શું કંકોત્રીની જરુર? અને મંદિર, મસ્જિદ, ડેલિ શાને જાવું આદિલ' જેવા શેર સાથે હેપ્પી ભાવસારે રસાળ કાર્યક્રમના એન્કરની ભૂમિકા નિભાવી... 'માય નેમ ઈઝ ખાન'નું રાહત ફતેઅલી ખાને ગાયેલું 'તેરી કાલી અખિયોંસે જિંદ મેરી જાગે, ધડકન સે તેજ દૌડું સપનોં સે આગે, સજદા તેરા સજદા, દિન રૈન કરું નહીં ચૈન કરું,' ગીતમાં રિશીન સરૈયાના તબલાની કમાલ અને કિ-બોર્ડ પર મેડોંલિયનની સંગતે મજા કરાવી દીધી...

એ.આર. રહેમાને ગાયેલું 'ગુરું' ફિલ્મનું 'દમ દારા દમ દારા મસ્ત મસ્ત દારા, ઓ હમદમ બિન તેરે કયા જીના, તેરે બિના બેસુવાદી રતિયા ઓ સજના અને એ જ ગીતની અંદર રાહત ફતેઅલી ખાનનું 'સાનુ એક પલ ચૈન નાઆવે સજના તેરે બીના' બંને ગીતનું માર્વેલસ કોમ્બિનેશન મન મોહી ગયું... અમુક ગીતો એકદમ ઉછળતા ઝરણાં જેવા હોય છે જે પૈકીનું 'દિલ સે' ફિલ્મનું દિલસે ગાયેલું સુખવિંદર સિંગ અને સપના અવસ્થીનું સુપરહીત ગીત 'ચલ છૈયા છૈયા, જો યાર હૈ વો ખુશ્બુ કી તરહ, જીસ કી જુબાન ઉર્દુ કી તરાહ, છૈયા છૈયા' આ ગીતમાં ડ્રમ-કોંગ્રો-બોંગો એન સંગીતની સુરાવલીએ બધાના પગ થિરકતા કરી દીધા...

આજકાલ મોટા ભાગના બધા કાર્યક્રમમાં ગવાતું કૈલાશખેરનું ગીત 'તેરે નામ સે જીલું, તેરે નામ પે મર જાઉં, તુને કયાં કરડાલા મર ગઈ મેં મિટ ગઈ મેં તેરી દિવાની, તેરી દિવાની' અને આ ગીતને સાથ પુરાવતું 'રાજનીતિ' ફિલ્મનું આદેશ શ્રીવાસ્તવે ગાયેલું, 'મોરા પિયા મોસે બોલત નાહી, દ્વાર જીયા કે ખોલત નાહી' અને ફરી પાછું પહેલાં ગીતનો અંતરો 'ઈશ્ક ઝૂનૂ જબ હદસે બઢ જાયે, હસતે હસતે આશિક શૂલી ચઢ જાયેં' બે ગીતોના ફ્યૂઝનનો પ્રયોગ ખરેખર પ્રશંસનીય બની રહ્યો...

'સાવન બિતો જાય પિહરવા, મન મેરા ગભરાયેં' ઐસો ગયે પરદેશ પિયા તુમ' શફાકત અમાનત અલીનું ગીત અને એમાં તબલચીએ માણભટ્ટની જેમ વગાડેલું માણ (માટલું) આકર્ષણનું કેન્દ્ર બન્યું અને સાથે જ નુસરતનું 'મોરે સૈયા તો હૈ પરદેશ, મૈં કયા કરું સાવન કો, સુના લાગે સજન બીન દેશ, મૈં ઢુંઢું સાજન કો' બંને રચનાઓએ સુફીમાં ડૂબકી મરાવી...

ઉસ્તાદ રશીદ ખાનનું દર્દભર્યું ગીત 'જબ વી મેટ' જે યુવાનોમાં હિટ રહ્યું હતું એ 'આઓગે જબ તુમ સાજના, અંગના ફૂલ ખિલેંગે, બરસેગા સાવન ઝૂમ ઝૂમ કે...' માણવા જેવું રહ્યું... હેપ્પી ભાવસારે સરસ વાત કરી કે, નારદજી પૂછે છે રાધાને કે કૃષ્ણ વિના તને કેમ છે? ત્યારે બહાવરી રાધા બોલી કે, 'કૃષ્ણ નથી એ તારો વહેમ છે' હેપ્પીને જયારે તક મળી ત્યારે ચુનંદા કવિઓનાં શેર સાથે શ્રોતાઓને 'હેપ્પી' કર્યા...

કૈલાશ ખેરની વળી એક મસ્ત રચના 'ચોક પુરાવો, મંગલ ગાવો રી, ઓરી સખી ધરતી અંબર સજાઓ રી.. આજ મોરે પિયા ઘર આવોંગે' અને એના છેલ્લા અંતરામાં 'રંગો સે રંગ મીલે, નયે નયે રંગ ખીલ, અનહદ નાદ જગાઓ રી' અને ખરેખર સંગીત ઉસ્તાદોએ અદ્ભૂત નાદ જગાવી



એના પિયાના સ્વાગતની તાન છેડી દીધી... 'હમ દિલ દે ચૂકે સનમ'નું શંકર મહાદેવન અને ઉસ્તાદન સુલતાન ખાનની રાગ આહિર ભૈરવ પર રચાયેલી બંદિઘ 'અલબેલા સજન આયો રી, મોરા હર મન સુખ પાયો રી' શાસ્ત્રીય સંગીતનું મહારત ધરાવતાં અમિત ઠક્કરે કિ-બોર્ડ પર ફ્લ્યૂટ - સિતાર સાથે શાસ્ત્રીય તાન અને છેલ્લે અદ્ભૂત સરગમ સાથે સુફીના ઉચ્ચ આયામોને સાક્ષાતકાર કરાવ્યો...

નુસરત ફતેઅલી ખાનનું 'પિયા રે પિયા રે, થારે બીના લાગે નહીં મારા જીયા રે, નૈનો થારે કૈસા જાદુ કિયા રે' અને એની સાથોસાથ કૈલાશ ખેરનું 'સૈયા, સૈયા, તું જો છૂ લે પ્યાર સે, આરામ સે મર જાઉં, આજા ચંદા બાહોંમે તુજ મેં ગુમ હો જાઉં મૈં સૈંયા' અને એ જ ઢાળ પરનું બીજું ગીત 'રંગદીની રંગદીની પિયા કે રંગ રંગદીની ઓઢની' દેવ ફિલ્મનું કૈલાશ અને શ્રદ્ધા પંડિતનું ગીત જામી ગયું...

'ચક દે ઈન્ડિયા' નું કિષ્ના અને સલિમ મર્ચન્ટનું ગાયેલું 'તીજા તેરા રંગ થા મૈં તો, તુ હી થા મૌલા તુ હી આન, મૌલા મેરે લેલે મેરી જાન' ગીત આધ્યાત્મની સમાધિ સમાન... દિપ્તી દેસાઈ એટલે ખરજના સ્વરના માલિક અને એણે છેડ્યું, 'અલિ મોરે અંગના દરસ, લિખા, ઈશ્ક મેં તેરે જોગણ બન ગઈ' શોભા મુદગલનું ગાયેલું ગીત જયારે રજૂ થયું ત્યારે દિપ્તી દેસાઈના અવાજે એવો જ ભાસ ઉભો કર્યો જાણે શોભા ગાતી હોય...

'જોધા અકબર'નું જાવેલ અલીએ ગાયેલું રહેમાનના સંગીતનું 'કેહને કો જશ્ન એ બહારા હૈ, ઈશ્ક યે દેખ કે હૈરાન હૈ, ફૂલ કી ખુશ્બુ ખફા ખફા હૈ ગુલ્શન મૈં' અને પછીનું 'ઓમકારા' ફિલ્મનું રાહતે ગાયેલું વિશાલ ભારદ્વાજનું સંગીતમાં એક બાજુ જયાં 'બીડી જલાઈ લે' આપ્યું એની સામે 'નૈનો કી મત સૂણીયો, નૈના ઠગ લેંગે' જેવું સુફી રોમેન્ટીક ગીત આપ્યું...

'જોધા અકબર'નું બીજું એક અતિપ્રસિદ્ધ ગીત 'ખ્વાજા મેરે ખ્વાજા, દિલ મેં સમાજા, શાહો કા શાહ તું અલી કા દૂલારા' રહેમાનના કલાસ જેવું ગીત અહીં પણ એટલું જ પ્રસ્તુત થયું... 'આજા નચલે'

● અનુસંધાન પાન-૭ પર